## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓનો ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાયો



**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ) ના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં વિષયલક્ષી સમજ, પ્રાયોગિક જ્ઞાન તથા પ્રકૃતિના પ્રત્યક્ષ અભ્યાસને પ્રોત્સાહન મળે તે હેતુથી સાપુતારા ખાતે બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસ દરમિયાન પ્રાણીશાસ્ત્રના વિદ્યાર્થીઓએ સાપુતારાના વિશિષ્ટ પર્વતીય પર્યાવરણ, આબોહવા અને જૈવવિવિધતાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. ખાસ કરીને સ્થાનિક વિસ્તારમાં જોવા મળતી કરોળિયાની વિવિધ પ્રજાતિઓ, પક્ષીઓ તથા અન્ય વન્યજીવોના આવાસ, તેમનું વર્તન અને પર્યાવરણ સાથેના તેમના પરસ્પર સંબંધોનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો.

### સિંગવડ તાલુકાના આંગણવાડી 3 અને 5 ખાતે આંગણ ઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો



**સિંગવડ :** આંગણ ઉત્સવ અંતર્ગત સિંગવડ ખાતે આંગણવાડી-3 તેમજ આંગણવાડી-5 પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત ચેરમેન શ્રીમતી મંજુલાબેન ચૌહાણ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમના હસ્તે આંગણવાડીના ભૂલકાઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ICDS શાખાના અધિકારીઓ, ગામના નાગરિકો, આંગણવાડી કાર્યકર બહેનો તથા મોટી સંખ્યામાં બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

### રાષ્ટ્રીય હિન્દુ સંઘ લીમખેડા દ્વારા ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત સંતોનું સ્વાગત કરાયું



**સુખસર :** ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત કપડવંજના શ્રી ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિરના મહંત અનિરુદ્ધગિરીજી મહારાજનું આગમન થતાં ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.રાષ્ટ્રીય હિન્દુ સંઘ ગુજરાતના પ્રદેશ પ્રચારક રીન્કેશ પ્રજાપતિના આંગણે પધારેલા મહંતઅનિરુદ્ધ ગિરીજી મહારાજને ભગવા શાલ ઓઢાડી તથા ફૂલમાળા પહેરાવી ભવ્ય ભગવામય સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મહારાજશ્રી સાથે પધારેલા ગૌ સન્માન આહ્વાન અભિયાનના ગુજરાત રાજ્યના મુખ્ય સેવક કિરણભાઈ આચાર્ય,તેમજ લખનભાઈ, જૂનાગઢ અને રાહુલભાઈ પંડિતજી પાલનપુરનું પણ ભગવા શાલ ઓઢાડીને તથા ફૂલમાળા પહેરાવી આત્મીય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આગામી 17 ડિસેમ્બરે યોજાનાર ગુજરાત કક્ષાના ગૌ સન્માન આહ્વાન અભિયાન અંગે મહંતશ્રી તથા ઉપસ્થિત આગેવાનો સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

### દાહોદ જિલ્લા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીનો સેમિનાર યોજવામાં આવ્યો



**દાહોદ :** દાહોદ ખાતે ગુજરાત રાજ્ય ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન દાહોદ જિલ્લા ક્રેડિટ સોસાયટી ફેડરેશન તથા ધી સહયોગ કોઓપરેટીવ ક્રેડિટ સોસાયટી દાહોદના સંયુક્ત ઉપક્રમે ક્રેડિટ સોસાયટીઓનું જિલ્લા કક્ષાનું સેમિનાર જિલ્લા ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ચેરમેન ગોપાલભાઈ ધાનકાના અધ્યક્ષ સ્થાને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દાહોદ સભાખંડમાં યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ સ્વાગત પ્રવચન તથા સેમિનારની માહિતી ફેડરેશનના વાઈસ ચેરમેન સરતનભાઈ એસ ચૌહાણ આપી હતી આ પ્રસંગ ફેડરેશન દ્વારા ગ્રંથનું વીમોચન દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેંક લી ના ચેરમેન શ્રેયાંશભાઈ શેઠના હસ્તે કરવામાં આવ્યું હતુ આ પ્રસંગે વર્ષ દરમિયાન જે ક્રેડિટ સોસાયટીઓએ સારી કામગીરી કરી હતી તેમને મહાનુભવના હસ્તે પ્રમાણપત્ર તથા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

યુવતીના વિવાદમાં મુખ્ય આરોપીને આજીવન કેદ

# મુનખોસલામાં પાંચ વર્ષ પૂર્વેની હત્યામાં ૪ મહિલાઓ સહિત ૧૧ ને સજા

કોર્ટે ૧૧ આરોપીઓને તકસીરવાર ઠેરવ્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.29

ઝાલોદ તાલુકાના મુનખોસલા ગામે યુવતીને લઈને થયેલા વિવાદમાં ગારી પરિવારના ઘરમાં ઘુસી મારક હથિયારો વડે હિંસક હુમલો કરી એક વ્યક્તિની કરપીણ હત્યા કરવામાં આવી હતી. જે કેસમાં દાહોદની ત્રીજા એડિશનલ સેશન્સ કોર્ટે ચાર મહિલાઓ સહિત કુલ ૧૧ આરોપીઓને સજા ફટકારી છે. કોર્ટે મુખ્ય આરોપી કાનાભાઈ નારસિંગભાઈ ગારીને હત્યાના ગુનામાં આજીવન કેદની સજા તથા રૂપિયા ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે. અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા થશે. ચુકાદા મુજબ ૪ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ મુનખોસલા ગામના ગારી ફળિયામાં યુવતીને લઈને અદાવતના પગલે આરોપીઓ હથિયાર સાથે ગોવિંદભાઈ રૂપાભાઈ ગારીના ઘરે પહોંચી ગોવિંદભાઈ ઉપર ધારીયા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી તેમજ અન્ય પરિવારજનોને પણ મારક હથિયારો વડે માર માર્યો હતો. ગોવિંદભાઈ ને સારવાર અર્થે વડોદરા ખસેડાયા હતા જ્યાં તેઓનું ૯ સપ્ટેમ્બરના રોજ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ચુકાદામાં સરકારી વકીલ ડી. એસ પરમારે આરોપીઓ સામેના પુરાવા અને સાહેદોની જુબાનીના આધારે દલીલો કરી હતી. કોર્ટે ફરિયાદ પક્ષના પુરાવા અને ધાર દાર દલીલોને ગ્રાહ્ય રાખી ત્રીજા એડિશનલ સેશન જજ એસજી ડોડિયાએ આરોપીઓને વિવિધ ગુનાઓમાં તકસીર વાર ઠેરવી કાનાભાઈ નારસિંગભાઈ ગારી ને આજીવન કેદ, જયેશ ભાઈ શંકરભાઈ ગારીને ૧૦ વર્ષ ની સખત કેદ, રજનીભાઈ મનસુખભાઈ ગારીને ૧૦ વર્ષની સખત કેદ, કાંતિભાઈ રામાભાઈ ગારીને ૧૦ વર્ષની સખત કેદ જ્યારે વિપુલભાઈ કાનાભાઈ ગારી, ગિરીશભાઈ બાબુભાઈ ગારી, બળવંતભાઈ કાનાભાઈ ગારી, કંચનબેન કાંતિભાઈ ગારી, સવિતાબેન મનસુખભાઈ ગારી, નાનીબેન શંકરભાઈ ગારી અને ચંદાબેન કાનાભાઈ ગારીને ૩ વર્ષની સખત કેદની સજાનો હુકમ ખુલ્લી કોર્ટમાં ફરમાવતા કોર્ટ સંકુલમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

## ગોધરા ટીડીઓએ વિકાસ કામોની તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) કાલોલ,તા.29

વેજલપુર ગ્રામ પંચાયત માં ૧૫ નાણાં પંચ માં થયેલા વિકાસ ના કામોની તપાસ ગોધરા ટી ડી ઓ ને સોંપવામાં આવતા ગોધરા ટી ડી ઓ દ્વારા કાલોલ એસ ઓ ને સાથે રાખી વેજલપુર ના વિકાસ ના કામોનું નિરીક્ષણ કરાયું પ્રાપ્ત મળતી માહિતી મુજબ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય મા આવેલ અનેક ગ્રામ પંચાયતો માં ૧૫ નાણાં પંચ માં થયેલા વિકાસ ના કામો માટે અલગ અલગ ટીમો ની રચના કરી તપાસ કરી રિપોર્ટ કરવાના આદેશો આપવામાં આવ્યા છે જેમાં વેજલપુર ગ્રામ પંચાયત માં ૧૫ નાણાં પંચ માં થયેલા વિકાસ ના કામોની તપાસ ગોધરા ટી ડી ઓ ને સોંપવામાં આવી હતી જેથી ટી ડી ઓ દ્વારા કાલોલ એસઓ ને સાથે રાખી વેજલપુર ગ્રામ પંચાયત ખાતે આવેલ પોસ્ટ ઓફીસ વિસ્તાર ટાઈલ્સ ફેકટરી વિસ્તાર જોડિયા કુવા વિસ્તાર માં આર સી સી રોડ ગટર લાઈન સહિત ના કામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ડેરોલના ‘આપણું ઘર’ વૃદ્ધાશ્રમના વડીલો માટે વિસામારૂપ

# નવી બિલ્ડિંગ તૈયાર થાય ત્યાં સુધી દર મહિને ૧૦,૦૦૦ ભાડું ચૂકવવા તૈયારી



(પ્રતિનિધી) કાલોલ, તા.29

કાલોલ તાલુકાના ડેરોલ ખાતે આવેલા ‘આપણું ઘર’ વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલો માટે ગોધરાના જાણીતા ઉદ્યોગપતિ હાજી ફિરદોસ કોઠી દ્વારા માનવતાભર્યું પગલું લેવામાં આવ્યું છે. વૃદ્ધાશ્રમની નવી બિલ્ડિંગ તૈયાર થાય ત્યાં સુધી વડીલો માટે રહેવાની વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી દર મહિને 10,000 ભાડું ચૂકવવાની જવાબદારી તેમણે સ્વીકારી છે.આ ઉપરાંત વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોની અન્ય જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને સતત સહયોગ આપવાની પણ તેમણે ખાતરી આપી છે. વડીલોની આરોગ્યસંભાળ માટે દર અઠવાડિયે AK હોસ્પિટલની મેડિકલ ટીમ દ્વારા વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ આરોગ્ય ચકાસણી કરવામાં આવશે તેમજ જરૂરિયાત મુજબ તબીબી સહાય પૂરી પાડવામાં આવશે. વડીલોને આશ્રય સાથે જરૂરી આરોગ્યસેવા અને અન્ય સુવિધાઓ મળી રહે તે માટે હાથ ધરવામાં આવેલી આ પહેલ સેવાભાવનું ઉદાહરણ બની રહી છે. વૃદ્ધાશ્રમના વડીલોની સંભાળ અને જરૂરીયાતોમાં સતત સહયોગ આપવાની આ પહેલને માનવસેવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

# સુખસરના પાટડીયા ખાતે રાત્રિ ચોપાલનું આયોજન

ગામનો વિકાસ કરવાની ચર્ચાઓ કરવા રાત્રી ચોપાલ યોજાય છે

(પ્રતિનિધિ) સુખસર,તા.29

સુખસર તાલુકાના પાટડીયા ગામમાં શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિરે રાત્રિ ચોપાલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં પાટડીયા, કુંડલા, ઝાબ, ખાતરપુરના મુવાડા, ડુંગરાનાપાણી, મોટા નટવા, મકવાણાના વરુણા,તેમજ આજુબાજુના ગામના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં યોગેશભાઈ પારગી વાગ્ધારા સંસ્થાના સહજકરતા દ્વારા ઉપસ્થિત તમામ ભાઈઓ,બહેનોનુ હાર્દિક સ્વાગત અભિનંદન કરવામાં આવ્યું હતું.અને રાત્રી ચોપાલનુ મહત્વ શું છે?અને રાત્રી ચોપાલનું આયોજન કેમ કરવામાં આવે છે? અને તેની પાછળ વાગ્ધારા સંસ્થાનો ઉદ્દેશ્ય શું છે તે બાબતે માહિતગાર કરી જે પરંપરાગત જુના જમાનામાં ગામના લોકો રાત્રે એક સાથે બેસીને ગામના વિકાસનું આયોજન કરવામાં આવતું હતું. જે અત્યારે ભુલાઈ ગયું છે.એને ફરી પાછું તૈયાર કરવા માટે આ રાત્રી ચોપાલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તેના વિશે સમજ આપવામાં આવી હતી વાગ્ધારા દ્વારા સંસ્થાના કાર્યક્રમ અધિકારી ગીરીશભાઈ પટેલ દ્વારા વાગ્ધારા સંસ્થાનો પરિચય, વાગ્ધારાનું કાર્યક્ષેત્ર અને વાગ્ધારા સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યક્રમની વિસ્તાર પૂર્વક જાણકારી આપવામાં આવી હતી.

એક બહેનને બચાવવા જતાં બીજી બહેન પણ પાણીમાં ગરકાવ

# ઝાલોદમાં રામસાગર તળાવમાં બે સગી બહેનોનાં ડૂબી જવાથી મોત

ઘટનાની જાણ થતાં ઝાલોદ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી



(પ્રતિનિધી) ઝાલોદ, તા.29

ઝાલોદના ટીમ્બા વિસ્તારમાં રહેતા રાધિકાબેન ભાવસિંગભાઈ માલ (ઉંમર 14) અને તેમની નાની બહેન નંદનીબેન ભાવસિંગભાઈ માલ (ઉંમર 7) રામસાગર તળાવ ખાતે કપડાં ધોવા માટે ગયાં હતાં. દરમિયાન એક બહેન પાણીમાં ડૂબવા લાગતાં તેને બચાવવા બીજી બહેન પણ પાણીમાં ઉતરી હતી. જોકે, પાણી ઊંડું હોવાથી બંને બહેનો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં તળાવ પર એકઠા થયા હતા. પાલિકાની રેસ્ક્યુ ટીમને જાણ કરવામાં આવતા ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. દરમિયાન મુસ્લિમ સમાજના કેટલાક યુવાનો પણ માનવતા દાખવી રેસ્ક્યુ કામગીરીમાં જોડાયા હતા. કલાકોની ભારે જહેમત બાદ બંને બહેનોના મૃતદેહ તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. બંને બાળકીના પિતા હયાત ન હોવાનું અને પરિવારમાં માત્ર માતા હોવાનું જાણવા મળ્યું છે. પરિવારમાં પાંચ બહેનો અને એક ભાઈ હોવાનું પણ સામે આવ્યું છે. બે દીકરીઓના એકસાથે મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું અને માતા સહિત પરિવારજનોના આક્રંદથી કરુણ દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મુણધાના આઝાદ મકવાણાએ ફ્રાન્સમાં ITER પ્રોજેક્ટની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું



સુખસર : દાહોદ જિલ્લાના ગુરુ ગોવિંદ લીમડી તાલુકાના મુણધા ગામના આદિવાસી અને ગરીબ પરિવારના સંતાન એવા આઝાદભાઈ મકવાણાએ વૈજ્ઞાનિક સંશોધન અધિકારી તરીકે ફ્રાન્સમાં યોજાયેલી વિશ્વના સાત દેશોની ભાગીદારી ધરાવતા મહત્વપૂર્ણ આઈ.ટી.ઈ.આર પ્રોજેક્ટની બેઠકમાં ભાગ લઈને સમગ્ર આદિવાસી સમાજનું નામ રોશન કર્યું છે.આઝાદભાઈ મકવાણાની આ સિદ્ધિ માત્ર તેમના પરિવાર અને મુણધા ગામ માટે જ નહીં,પરંતુ સમગ્ર દાહોદ જિલ્લા અને આદિવાસી સમાજ માટે ગૌરવની બાબત છે.

# કાલોલના એરાલ રોડ ઉપર મોટા વાહનોના જમાવડાથી અકસ્માતનો ભય

(પ્રતિનિધી) કાલોલ, તા.29

કાલોલ તાલુકાના ગેગડીયા ચોકડી પાસે આવેલ એરાલ રોડ ઉપર કારમેલ કંપની પાસે રોડ ઉપર ભારે વાહનો નો જમાવડો અકસ્માત નો ભય સેવાઈ રહેલ છે તંત્ર ઘોર નિદ્રામાં જેથી રાહદારીઓ ની માંગ કારમેલ કંપની પાસે થતું ટ્રાફિક દૂર કરવામાં આવે જેથી મોટી હોનારત અટકી શકે ગેગડીયા ચોકડી થી એરાલ રોડ ઉપર આવેલ કારમેલ કંપની ના માલિક દ્વારા મેઈન રોડ ઉપર નાના મોટા વાહનો પાર્કિંગ કરવામાં આવી રહેલ છે જ્યારે આ કંપની દ્વારા



પાર્કિંગ ની સુવિધા ઉપલબ્ધ ન કરી હોવાથી કારમેલ કંપનીની બહાર નાનામોટા વાહનો માલ સામાન ભરી ને કંપની માં મોટી સંખ્યામાં આવતા હોવાથી રોડ ની સાઈડ માં લાઈન બંધ વાહનો પાર્ક કરવામાં આવે છે અને કેટલાક ભારે વાહનો અડધા રોડ ઉપર વાહનો કલાકો સુધી રોડ ઉપર મૂકી રાખતા અન્ય વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. જ્યારે કંપની બહાર બંને સાઈડ નાનામોટા વાહનોનું પાર્કિંગ કરવામાં આવી રહેલ છે જેથી અકસ્માત સર્જાવવાનો ડર સતાવી રહ્યો છે જ્યારે અકસ્માત થાય તો જવાબદાર કોણ જ્યારે આ રોડ ઉપર વારંવાર નાનામોટા અકસ્માત થઈ રહેલ છે જેથી સ્થાનિક તંત્ર વહેલી તકે કાર્યવાહી હાથ ધરે તેવી રાહદારીઓની માંગ ઉઠી છે.

## વેજલપુર પો. સ્ટે.ના પીઆઈ જી કે વહુનીયાનો વિદાય સમારંભ

(પ્રતિનિધી) કાલોલ, તા.29

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઈ જી કે વહુનીયા ની ગોધરા ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બદલી થતા પોલીસ સ્ટાફ દ્વારા તેઓને ભવ્ય વિદાય આપવામાં આવી ખૂબ ટૂંકા સમયમા તેઓએ પોતાની આગવી શૈલી થી ગ્રામજનો મા વિશ્વાસ કેળવ્યો હતો સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા તેઓને શુભેચ્છા પાઠવી હતી જ્યારે એલઆઈબી શાખા માંથી બદલી થઈ વેજલપુર આવેલા પીઆઈ એ ઓ ભરવાડનુ સ્વાગત કરાયુ હતુ.

# દાહોદ APMC ચેરમેનની ચૂંટણી ઠેલાતાં મહત્વની કામગીરી અટવાઈ

(પ્રતિનિધી) દાહોદ, તા.29

દાહોદ અનાજ માર્કેટના ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણી જે તે વખતે મુલતવી રાખવી પડી હતી. ડિરેક્ટરોની ચૂંટણી સંપન્ન થયા ને વર્ષ થવા આવ્યું હોવા છતાં ભાજપાના આંતરિક રાજકારણને કારણે માર્કેટના મુખિયાઓની ચૂંટણી લંબાતા નીતિવિષયક નિર્ણયો અટકી પડ્યા હોવા છતાં, મોટા માથાઓ મુહૂર્ત ન કાઢવા દેતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. દાહોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સભ્યોની ચૂંટણી તારીખ ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ યોજાઈ હતી. જેમાં ગરબાડાના ભાજપાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરનો કારમો પરાજય થતા અપસેટ સર્જાયો હતો. કારણકે માર્કેટની ચૂંટણી હારી જનારા પૂર્વ કોંગી ધારાસભ્ય વજુભાઈ પણદાની ભાજપના નેતાઓની કાખઘોડી ના સહારે દાહોદ એપીએમસીમાં રી એન્ટ્રી થઈ ગઈ હતી. આ ચૂંટણી પણ મુદત પૂર્ણ થયા બાદ એક વર્ષે યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલના ખેડૂત વિભાગમાં-૮, કોંગ્રેસના- ૨ સભ્યો વિજેતા થયા હતા. જ્યારે વેપારી પેનલમાં ભાજપના-૩ અને એક ભાજપના બળવાખોર સભ્ય વિજેતા થયા હતા.

# અલીન્દ્રા ગામની આંગણવાડી ખાતે આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.29

કાલોલ ઘટક 1 તાલુકાના અલીન્દ્રા ગામની આંગણવાડી ખાતે “આંગણ મિલન સેવા” અંતર્ગત આંગણવાડી સન્માન અને માતૃ સંવાદ કાર્યક્રમ કાલોલ મતવિસ્તારના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે હર્ષોલ્લાસભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શૈફાલીબેન ઉપાધ્યાય,કાલોલ તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ,કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, જીલ્લા ભાજપ યુવા મોરચાના મહામંત્રી હર્ષ વ્યાસ, જીલ્લા મહિલા ભાજપ મંત્રી તેજલબેન પરમાર સહિત સ્થાનિક જનપ્રતિનિધિઓ, સરપંચ, તાલુકા પંચાયતના સદસ્ય ગ્રામ પંચાયતના સભ્યો તથા મહિલા આગેવાનો ઉપસ્થિત રહી આંગણવાડી સાથે જોડાયેલા બાળકો, માતાઓ અને કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો.આ કાર્યક્રમની શરૂઆત મહેમાનોના સ્વાગત સાથે કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લા કોંગ્રેસ દ્વારા ચૂંટણી કમિશનરનું પૂતળા દહન કરાયુ

(પ્રતિનિધિ) દાહોદ, તા.29

દેશવ્યાપી આંદોલનના ભાગરૂપે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ચૂંટણી પંચ અને ભાજપ સરકાર વિરુદ્ધ ભારે વિરોધ પ્રદર્શન યોજીને કલેક્ટર કચેરી ખાતે હલ્લાબોલ કરવામાં આવ્યો છે. એસ.આઈ.આર. (SIR) અને મતદાર યાદીમાં કથિત મોટાપાયે ગેરરીતિ અને પક્ષપાતી વલણના આક્ષેપો સાથે કોંગ્રેસના કાર્યકરો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ગંભીર ગેરરીતિના આક્ષેપો લગાવ્યા હતા અને તેમના તાત્કાલિક રાજીનામાની માંગ કરી હતી. એટલું જ નહીં, આ કથિત ગેરરીતિ બદલ ચૂંટણી કમિશનર વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરીને તેમને જેલમાં ધકેલવાની પણ આક્રમક માંગ કરવામાં આવી હતી.દાહોદ કલેક્ટર કચેરી બહાર વિરોધ પ્રદર્શન વેળાએ વાતાવરણ ભારે ગરમાયું હતું. કાર્યકરો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

---

### જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી આર.બી.ડામોર

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ
ક્રિ. પ. અ. નં. ૪૧૭/૨૦૨૬ મુદત તારીખ- ૩૦/૦૯/૨૦૨૬

અરજદાર : હરસિંગભાઇ મંગુડાભાઇ ભાભોર રહે. ધાવડીયા, તા. ઝાલોદ, જી. દાહોદ.

સામાવાળા : તલાટી કમ મંત્રી, ધાવડીયા ગ્રામ પંચાયત, ધાવડીયા, તા. ઝાલોદ, જી. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના લગ્ન વર્ષ અગાઉ આદિવાસી સમાજના રીત-રીવાજ મુજબ તેમના પત્નિ કાળીબેન સાથે થયેલ અને તેમના લગ્નજીવનથી તેમને સંતાનમાં કુલ ૦૫ બાળકોનો જન્મ થયેલ જેમાં તેમના બીજા નંબરના દિકરા જૈનીશભાઇ હરસંગભાઇ ભાભોરનો જન્મ તા. ૦૪/૦૨/૨૦૦૪ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમની પુત્રની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમાં તેઓની પુત્રને અભ્યાસ માટે તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૨૭/૦૮/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમની પુત્રનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૪૧૭/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહુ જન્મનો દાખલો અરજદારના પુત્રને આપવા સામે જે કોઇ ઇસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો કે તકરાર રજુ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત) સીની. ક્લાર્ક | કોર્ટનો સિક્કો | (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ

### જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી આર.બી.ડામોર

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ
ક્રિ. પ. અ. નં. ૪૧૬/૨૦૨૬ મુદત તારીખ- ૩૦/૦૯/૨૦૨૬

અરજદાર : બાબલીબેન છગનભાઇ ભાભોર રહે. ધાવડીયા, તા. ઝાલોદ, જી. દાહોદ.

સામાવાળા : તલાટી કમ મંત્રી, ધાવડીયા ગ્રામ પંચાયત, ધાવડીયા, તા. ઝાલોદ, જી. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના લગ્ન અગાઉ આદિવાસી સમાજના રીત રિવાજ મુજબ તેમના પતિ છગનભાઈ સાથે થયેલ અને તેમના લગ્નજીવનથી તેમને સંતાનમાં કુલ ૦૪ બાળકોનો જન્મ થયેલ જેમાં તેમના ચોથા નંબરના દિકરા મેહુલભાઈ છગનભાઈ ભાભોરનો જન્મ તા. ૦૫/૦૯/૨૦૦૨ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમની પુત્રની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમાં તેઓની પુત્રને અભ્યાસ માટે તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકોર્ડ તપાસી તા. ૨૭/૦૮/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમની પુત્રનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૪૧૬/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે.સદરહું જન્મનો દાખલો અરજદારના પુત્રને આપવા સામે જે કોઈ ઇસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો કે તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત) સીની. ક્લાર્ક | કોર્ટનો સિક્કો | (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ

### જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી એ.એમ.વસૈયા

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ
ક્રિ. પરચુરણ અરજી નં. ૪૧૫/૨૦૨૬ મુદત તારીખ - ૩૦/૦૯/૨૦૨૬

અરજદાર : મુનિયા લસુભાઇ દલસીંગભાઇ રહે. કદવાલ, તા. ઝાલોદ, જી. દાહોદ.

સામાવાળા : તલાટી કમ મંત્રી, કદવાલ ગ્રામ પંચાયત, કદવાલ, તા. ઝાલોદ, જી. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી મુનિયા રોશનાબેન લસુભાઇ નો જન્મ તા. ૨૧/૦૧/૨૦૦૦ ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમની પુત્રીની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમાં તેઓની પુત્રીને આધારકાર્ડ માટે તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૨૯/૦૮/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમની પુત્રીનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૪૧૫/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે.સદરહું જન્મનો દાખલો અરજદારના પુત્રને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત) સીની. ક્લાર્ક | કોર્ટનો સિક્કો | (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ